અપીલ અરજી નં.૨૦૫ તા.૩૦–૯–૧૦/૧૧

અરજદારઃ– શ્રી સંજય કિશોરભાઈ પટેલ
સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી સંજય કિશોરભાઈ પટેલની તા.૧૦–૮–૧૦ ની અરજીથી મ્યુ. ટેના. નં.૧૩એ–૧૧–૬૫૩૧–૦–૦૦૧ ફલેટ નં.૧૦૧ અમર પેલેસ વાળી મિલકતના આકારણી રજીસ્ટરમાં કર ભરવાને પ્રથમ વ્યકિતમાં " **POSS : MAGANBHAI PATEL** " લખેલુ છે. તો તે નામ કયારથી દાખલ થયું છે અને કયા દસ્તાવેજી પુરાવાને આધારે દાખલ થયું છે તેની (સને ૧૯૯૯ થી ૨૦૦૧ સુધી) ની માહિતી આપશો તથા તેની માટે રજુ થયેલા દસ્તાવેજી પુરાવાની નકલ આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૩૦–૯–૧૦ ની **SMC/FAP/** નં.૨૦૫/૨૦૧૦–૧૧

શ્રી સંજય કિશોરભાઈ પટેલની તા.૧૦–૮–૧૦ ની અરજીથી મ્યુ. ટેના. નં.૧૩એ–૧૧ –૬૫૩૧ –૦ –૦૦૧ ફલેટ નં.૧૦૧ અમર પેલેસ વાળી મિલકતના આકારણી રજીસ્ટરમાં કર ભરવાને પ્રથમ વ્યકિતમાં " **POSS : MAGANBHAI PATEL** " લખેલુ છે. તો તે નામ કયારથી દાખલ થયું છે અને કયા દસ્તાવેજી પુરાવાને આધારે દાખલ થયું છે તેની (સને ૧૯૯૯ થી ૨૦૦૧ સુધી) ની માહિતી આપશો તથા તેની માટે રજુ થયેલા દસ્તાવેજી પુરાવાની નકલ આપવા બાબતે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી અઠવા ઝોનના પત્ર નં.સા.વે.ઝોન(અઠવા)/આરટીઆઈ/આ.૬૪૧ તા.૧૩–૯–૧૦ થી આપેલ માહિતી અધુરી આપેલ હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૩૦–૯–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૭૭૬ તા.૫–૧૦–૧૦ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન) ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/ આરટીઆઈ/ આ.નં./૭૮૯ તા.૧૫–૧૦–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, નોંધ વિભાગ, અરજદારને માહિતી અંગે દસ્તાવેજી ફી ભરપાઈ કરવા પાઠવેલ પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/ આરટીઆઈ/આ.નં.૬૨૧ તા.૭–૯–૧૦ ના પત્રની નકલ , તથા અરજદારને આપેલી માહિતી અંગે નં.સા.વે.ઝોન/ અઠવા/આરટીઆઈ/ આ.નં.૬૪૧ તા.૧૩–૯–૧૦ ના પત્રની નકલ તથા તે અંગે યુપીસી કર્યા અંગેની એકનોલેજમેન્ટ સ્લીપની નકલ અત્રે મળેલ છે.

અરજદારની આઈ ડી નં.૨૧૩ તા.૧૦–૮–૧૦ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી અઠવાઝોનને કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/ આરટીઆઈ/આ.નં.૬૨૧ તા.૭–૯–૧૦ થી માહિતી/દસ્તાવેજ ફી પેટે રૂા.૨/– ભરપાઈ કરી માહિતી મેળવી લેવા જણાવેલ. જે અંગે અરજદારે રસીદ નં.૨૯૯૫૩૮ થી તા.૧૩–૯–૧૦ ના રોજ ભરેલ હોય નં.સા.વે.ઝોન/અઠવા/ આરટીઆઈ/આ.નં.૬૪૧ તા.૧૩–૯–૧૦ થી માહિતી મોકલી આપવામાં આવેલ. જે બાબતે અરજદારે તા.૩૦–૯–૧૦ ના રોજ સંદર્ભ પત્રથી આપેલ માહિતી અધૂરી અને મોડી આપવામાં આવી છે તથા બાકીની માહિતી મળેલ નથી તેવું જણાવી અપીલ અરજી કરેલ છે. વધુમાં મગનભાઈ પટેલનું નામ કયા દસ્તાવેજોના આધારે દાખલ થયું તેના પુરાવાની નકલ આપેલ નથી જે અંગે માહિતી સમયસર ન આપવા અંગે માહિતી અધૂરી આપવા અંગે ફરજમાં ચૂક કરનાર જાહેર માહિતી અધિકારી સામે કલમ–૨૦(૧) હેઠળ યોગ્ય દંડ અને હેરાનગતિ અને નુકશાન બદલ વળતર ચૂકવવાની રજૂઆત કરેલ છે. જાહેર માહિતી અધિકારી તરફથી આપેલ પૂરક વિગતોમાં તુમાર નં.૫૦૨ તા.૭–૧૨–૧૯૯૫ થી અમર પેલેસ એપાર્ટ. આકારણી રજીસ્ટરમાં દાખલ કરવામાં આવેલ છે જે તુમારની શોધવાની કાર્યવાહી કરવામાં આવેલ છે પરંતુ તુમાર મળેલ ન હોવાથી અરજદારને એસેસમેન્ટ રજીસ્ટર વર્ષ –૧૯૯૬–૯૭ ની નકલ આપવામાં આવેલ છે. તુમાર મળ્યેથી અરજદારને સાદર કરવામાં આવશે. તેવું જણાવેલ છે. પરંતુ તુમારના નાશ કે નિકાલ અંગેની કોઈ વિગતો અરજી કે અપીલ તબકકે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી રજૂ થયેલ નથી. અરજદારે નામ કયારથી દાખલ થયું? કયા દસ્તાવેજી પુરાવાનાને આધારે દાખલ થયું તથા ૧૯૯૧ થી ૨૦૦૧ સુધીની માહિતી માંગેલ છે. આકારણી રજીસ્ટર કે કરદાતાના કરનું રજીસ્ટર અગત્યનું દફતર હોઈ ૧૯૯૧ થી ૨૦૦૧ સુધીની માહિતી દફતરે હોવાનું અનુમાનિત છે. જાહેર માહિતી અધિકારી કક્ષાએથી માંગેલ ત્રણ પૈકી કોઈ જ માહિતી સંતોષકારક પર્યાપ્ત આપેલ જણાતી નથી. " કયા દસ્તાવેજી પુરાવાના આધારે " ની માહિતી તથા કયારથી તે વિગતો પણ દફતરે હોવાનું અનુમાનિત છે તેથી તે માહિતી આપવા જોગ થાય.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૧૦–૮–૧૦ ની અરજીથી માંગેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી નહીં પૂરી પડાયેલી માહિતી આકારણી કે કરદાતા રજીસ્ટર આધારે દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી વિગત તથા તુમાર આધારિત માહિતી અંગે તુમારના નાશ કે નિકાલ અંગેની હકીકતલક્ષી વિગતો અરજદારને આરટીઆઈ એકટની કલમ –૭(૬) હેઠળ વિના મુલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી અઠવાઝોનને જણાવવામાં આવે છે.

વધુમાં અરજદારે અપીલમાં રજૂ કરેલ દંડાત્મક અને વળતરની જોગવાઈ અંગે કાર્યવાહી કરવાની સત્તા આરટીઆઈ કાયદાની કલમ–૨૦ અને ૧૯(૮) મુજબ રાજય માહિતી આયોગને છે. જેથી અત્રેથી તે અંગે કોઈ કાર્યવાહી હાથ ધરી શકાય નહીં.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૦–૧૦

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી અઠવાઝોન ..જાણ તથા અમલ માટે
(૨) શ્રી સંજય કિશોરભાઈ પટેલ,